

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વિનયે અંધ ગૃહને શાંતિથી પાઠે ક્યાંથી ?*
*કીચડે જન્મેલા સંસ્કારી શબ્દો કાઢે કયાંથી*
*કંકાસના કાદવે ખદબદે સત્તાના કીડા -*
*વાવ્યાં વિષ પેઢીઓથી અમૃત વાઢે ક્યાંથી ?*

### હાઈકુ

*ગુંડાગીર્દીનું -*
*કરે પ્રતિનિધિત્વ,*
*થયા જાહેર*

*શર્મ હોય તો*
*લ્યો, ઢાંકણીમાં પાણી*
*મારો ડૂબકી*

*(માનનીયશ્રીઓ - આપણી શરમ...)*

### ચિંતન

*પ્રાર્યા દુરન્તપર્યન્તાઃ સંપદોઽપિ દુરાત્મનામ્ ।*
*ભવન્તિ હિ સુખોદર્કા વિપદોઽપિ મહાત્મનામ્ ॥*

**ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**દુર્જનોની સંપત્તિઓ પણ મોટેભાગે ખરાબ અંતમાં પરિણમનારી થાય છે અને મહાપુરુષોની વિપત્તિઓ પણ ઉચ્ચ પ્રકારના સુખને પ્રકટ કરનારી થાય છે.**

**આજના નેતાઓ બે નંબરી, કૌભાંડો અને ખાયકી દ્વારા નાણા એકત્ર કરે છે પણ એ સંપત્તિ તેમનાં સંતાનો વ્યસનમાં જ ખર્ચે અથવા દારૂ-દવાઓ અને કેસકલાબામાં કે સરકારશ્રી જપ્ત કરે છે.**

**મહાપુરુષ નિર્ધન હોય છે પરંતુ તેને આવનારી વિપત્તિ તેમના આત્માને આનંદ આપે છે.**

### સુવિચાર

- બનાવવો હોય તો સેતુ બનાવો, દિવાલો ઊભી કરશો તો એકલા રહી જશો - **વિચારદીપ**
- કેટલાક લોકો ભાગવામાં અસમર્થ હોવાને કારણે બહાદુર બની જાય છે - **શ્રીલંકન કહેવત**
- આનંદમાં હોય તો શેતાન પણ સારો બની જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઘોડો બચકું ભરતો નથી અને ભરે તો છોડતો નથી - **કચ્છી કહેવત**
- સંસારમાં પૈસાદાર માણસ સદાય શાણો રૂપાળો જ હોય છે - **જનકલ્યાણ**
- હીણો પથ્થર સોનાના વાટકાને ભાંગી નાખે તો પથ્થરની કિંમત વધતી નથી અને સોનાની ઘટતી નથી - **શાહબુદ્દિન રાઠોડ**
- આજનું ઔષધ : સૂંઠ અને ગોળ પાણીમાં મેળવી પીવાથી હેડકી બંધ થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સંત ફ્રાન્સીસ પોતાના શિષ્ય લિયો સાથે સેન્ટ મેરીનો જઈ રહ્યા હતા. રસ્તામાં એકાએક વરસાદ આવ્યો. બંને ભીંજાઈ ગયા. આખા દિવસનો થાક અને ભૂખ ભેગા થયા હતા. સેન્ટ મેરિનો હજી આવતા મધરાત થવાની હતી. ત્યારે સેંટ ફ્રાન્સિસે લિયોને પૂછ્યું, 'લિયો, મને કહે કે સાચો સાધુ કોન કહેવાય ?' લિઓ કઈ જવાન ન આપી શક્યો. ત્યારે ફ્રાન્સિસે કહ્યું, 'આંધળાને સાજો કરી શકે અને મૃત્યુ પામેલી વ્યક્તિને સળગાવી શકે એ સાચો સાધુ નથી.' એમણે આગળ કહ્યું, 'સાચો સાધુ એ પણ નથી, જે પશુઓ, છોડ અને નિર્જીવ પથ્થરોની ભાષા પણ સમજી શકે અને સાંભળ, જેણે પોતાનું સર્વસ્વ ત્યાગી દીધું હોય એ પણ સાચો સાધુ નથી.' લિયો એ અધિકારીથી પૂછ્યું કે, 'તો કહો કે આખરે સાચો સાધુ કોણ છે ?'

સેન્ટ ફ્રાન્સિસે કહ્યું, 'હવે આપણે જ્યારે સેન્ટ મેરિનો પહોંચીશું ત્યારે ચર્ચના દરવાજા ખખડાવીશું તો ચોકીદાર આપણને ભિખારીએ સમજીને કાઢી મૂકશે. તો આપણે નારાજ થવું નહીં. અડધી રાતે પેટમાં ભૂખ હોય ને શરીર કિચડવાળું હોય એટલે આપણે ફરીથી ચર્ચનું બારણુ ખખડાવીએ તો પેલો ચોકીદાર આપણને દંડો લઈને પાછળ પડશે. આવું સહન કરીને પણ આપણે શાંત રહીએ અને એ ચોકીદારમાં આપણો ક્રાઈસ્ટને જોઈએ, તો આપણે સાચા સાચા સંતની શ્રેણીમાં આવી શકીએ.'

લિયો ને સમજાયું કે વિષય પરિસ્થિતિઓમાં પણ સરળતા અને સમાનતાનો ભાવ રાખીને શાંતિપૂર્વક દુઃખોને સહન કરનાર જ સાચો સંત ગણાય.

# ફાંસીની સજા : માનવજાતની મજબૂરી

**તંત્રીસ્થાનેથી...**

ગાંધીધામની દેવીપૂજક કન્યા મંજુએ આક્રોશમાં એની માતા અને બહેનને તલવારના ઘા ઝીંકતાં એમનું મરણ થયું હતું, આ ગુના બદલ સેશન્સ કોર્ટે એને ફાંસીની સજા સંભળાવી છે. હરિયાણા વિધાનસભાએ બાર વર્ષ વટાવી ચૂકેલા કિશોર બળાત્કારીઓને ફાંસીની સજા આપવા બાબતે ખરડો પસાર કરી કાનૂન બનાવી દેવાનો અભિગમ દાખવ્યો. મહારાષ્ટ્રમાં બે હત્યારી સ્ત્રીઓને ફાંસીની સજા કરાયેલી જેની દયાની અરજી તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ કાઢી નાખતાં એમને કરાયેલ સજાનો અમલ થઈ ગયો. આ બધી બાબતો વાંચતા - સાંભળતાં મન જુદા જ પ્રકારના અવસાદથી ભરાઈ જાય છે. શું માનવીની જિંદગીનો અંત આણવાથી ગુનાખોરી અટકી શકે ? ભગતસિંહને ફાંસી આપવાથી રાજ સામેના આક્રોશથી થનારા બોમ્બ વિસ્ફોટ કે હત્યાઓ અટકી છે ? ઈંદિરા ગાંધીના હત્યારાઓને ફાંસી ફરમાવી દેવાથી રાજનેતાઓ સલામત થઈ ગયા છે? હિંસાનો જવાબ હિંસાથી વાળવાથી તો આખો માહોલ જ હિંસક બની રહેતો હોય છે. ગાંધી હત્યારા ગોડસેને ફાંસી આપવાથી મરીને પણ અમર થઈ જનાર મહાત્માનો પવિત્ર આત્મા દુઃખી જ થયો હશે. જો એમનું ડાંઈગ ડિકલેરેશન લેવાયું હોય તો ખચીત એમણે પોતાના હત્યારાને માફી જ બક્ષી હોત. સ્ત્રીઓને તો આપણે જ નહીં, દુનિયા આખી જુદા જ ચોકઠામાં મૂકતી રહી છે. ગૌ, બ્રાહ્મણ અને સ્ત્રી મનુની સંહિતામાં પણ અવધ્ય ગણાયાં છે. જો કે, આ પૈકી 'બ્રાહ્મણ' વિશે મતમતાંતર હોઈ શકે, પરંતુ મનુના જમાનાનો બ્રાહ્મણ તે માત્ર બાહ્મણકુળમાં જન્મવાથી બ્રાહ્મણ નથી બની જતો. એણે 'બ્રહ્મ' જ્ઞાન લાધે છે, તેથી એ બ્રાહ્મણ કહેવાય છે. જ્ઞાની મહાત્માઓ કદાચ ભૂલ કરી બેસે તો પણ એમને સજા પાત્ર ન ગણતાં સુધરવાની તક આપવી એની સમજણ સાથે બ્રાહ્મણને અવધ્ય ગણ્યો છે. ગાય માનવજાત માટે કામધેનું છે. એના અમૃત સમાન દૂધથી માનવી પોષાતો રહ્યો, એના પેટના જણ્યાને ધૂંસરીએ ઘાલી એણે કૃષિક્રાંતિ કરી. મર્યા પછી ગાય કેટલી ઉપયોગી છે ! એના આંતરડામાંથી મળતું ગોમેટ સંજીવની બૂટી ગણાયેલ છે. એથીય અદકેરી સ્થિતિ સ્ત્રીની છે. આજે ભલે એ પુરુષ સમોવડી બની બધાં ક્ષેત્રોમાં ફેલાઈ રહી હોય, પરંતુ કુદરતે તો એને માનવવંશની વૃદ્ધિ માટે સરજી છે. એ મૂળભૂત પણે માતા છે, પ્રેમાળ ભગિની છે, પ્રેયસી છે અને પતિને પરમેશ્વર માની આજીવન સમર્પણભાવથી જીવતી પત્ની છે. એણે કોઈ જઘન્ય અપરાધ કરી પણ દીધો હોય તો પણ એને સુધરવાની તક અપાવી જોઈએ. ફાંસી તો એની મમતાની સુકાઈ ગયેલી વેલીનો જડમૂળથી ઉખેડી નાખશે. ફાંસીની સજા સામે વિશ્વના પ્રબુદ્ધજનોમાં પણ મતમતાંતર છે. પરંતુ સ્ત્રીને ફાંસી નહીં આપવાના મુદ્દે તો કદાચ સર્વસંમતિ સધાઈ શકે. એ જ રીતે કિશોરોને પણ એમની સમજણ વિકસે ત્યાં સુધી સુધરવાની તક મળે તે ઈચ્છનીય. બાર વર્ષ પછી કોઈ છોકરાની કામવાસનાએ ઉછાળો માર્યો હોય તો તે અપવાદરૂપ કેસ ગણાવો જોઈએ.

# બેરિસ્ટર બાપના રસ્તે ચાલવા માગતો પુત્ર તદ્દન ઉલ્ટા રસ્તે ગયો



**ગાંધી ૧૦૦**

ડૉ. રાજેન્દ્ર જાની

**હરિલાલને 'બાપુ' વિરોધ છતાં સંકટ ઘડીએ પરિવાર સાથે જ રહેતા**

ગાંધીજી પૂર્ણ રૂપે પારિવારિક હતા. તેમના સંતાનો તો ઠીક પરંતુ સંતાનોના સંતાનો અને સગા-વહાલા સહુ કોઈની સામાજિક કેળવણી માટે તેમણે હંમેશા ધ્યાન રાખ્યું છે, જેમાં સૌથી મોટા પુત્ર હરિલાલ ગાંધી પણ આવી જાય છે. હરિલાલ ગાંધી મહાત્મા ગાંધીની જીવન કથાનું એક એવું પાત્ર હતા કે તેમને યુવાન વયથી જ ગાંધી સાથે મતભેદ થઈ ગયા હતા. હિંદુસ્તાનની કોમ (સમાજ)ના નેતા તરીકે કોઈ પણ લાભ જો લેવામાં આવે તો એ ખોટું છે એવું વિચારતા બાપે સગા પુત્રને બેરિસ્ટરનું ભણવા માટે સ્કોલરશિપ લેવાની ના પાડી દીધી. આ એક જ વાતથી પુત્રએ ઊભો કરેલો મનભેદ આજીવન મનભેદમાં રહ્યો. પિતાના પગલે પગલે ચાલીને બેરિસ્ટર બનવા માગતો પુત્ર હરિલાલ બાપના રસ્તે ચાલવાનું જ છોડી દીધું ને અવળી દિશામાં જ જઈ ચડ્યા. મોટાભાઈ હરિલા ગાંધી વિશે દેવદાસ ગાંધી લખે છે : 'હરિલાલભાઈએ પોતાના પરિવારનો જ ત્યાગ કરી દીધો હતો તો પરિવારે પણ તેમનો ત્યાગ કરી દીધો હતો. પરંતુ, મોટાભાઈ (હરિલાલ) જ્યારે પરિવાર પર દુઃખની ઘડી આવે ત્યારે અચૂક હાજર થઈ જતા હતા.'

જ્યારે બાપુની હત્યા થઈ ત્યારે ચાર દિવસ પછી તેઓ કુટુંબને સાંત્વના આપવા માટે દિલ્હી પહોંચી ગયા હતા. એ અત્યંત બિમાર હોવા છતાં દુઃખની ઘડીએ આવી પહોંચ્યા હતા. થોડા દિવસો રહીને તે પાછા જતા રહ્યા હતા. દેવદાસભાઈ લખે છે 'એ આવ્યા હતા માત્ર અમને આશીર્વાદ અને સધિયારો આપવા માટે, બીજા કોઈ સૂચન કે સલાહ માટે નહીં.' દિલ્હીથી મુંબઈ જતી ટ્રેનમાં ડબ્બામાં બેસીને તેમણે કહ્યું હતું - 'મારા નસીબમાં તો ચક્કર કાપવાનું જ લખ્યું છે.'

ગાંધીનો આ ગેરમાર્ગે દોરાયેલો પુત્ર પણ પિતાની જેમ આજીવન પ્રવાસ કરતો રહ્યો હતો. આટલા વિશાળ દેશમાં તેઓ એક છેડેથી બીજે છેડે વિચરતા રહેતા હતા. બાપુના અવસાન બાદ જેમ તેઓ પહોંચી ગયા હતા તેમ 'બા' ના અવસાન સમયે પણ પરિવાર પાસે પહોંચી ગયા હતા. તો બાપુના ઉપવાસ આંદોલન વખતે પણ તેઓ અચૂક પહોંચી જતા હતા.

બાપુની સામે નારાજગી હોવા છતાં એ પરિવાર ચિંતાગ્રસ્ત હોય એવા સમયે અચૂક હાજર થઈ જતા હતા. ૧૯૨૮માં પણ આવી જ એક દુઃખદ ઘટના બની હતી. હરિલાલભાઈના પુત્ર રસિકભાઈનું ટાઈફોઈડના કારણે મૃત્યુ થયું હતું. એના નિધનના થોડા સમય પહેલા તેઓ દિલ્હી પહોંચી ગયા હતા. નાની ઉંમરના પુત્રના અકાળ અવસાનનો તેમને ભારે દુઃખ તેમને હતું પણ તેમની જીભે કોઈની સામેની ફરિયાદનો એક શબ્દ ન હતો નીકળ્યો. જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને રસિકભાઈ ખાદી કાંતવાનું શીખવતા હતા. કાકા દેવદાસભાઈ અને કસ્તુરબા સાથે તેઓ દિલ્હીમાં રહેતા હતા. રસિકને શરુઆતમાં તાવ આવ્યો ત્યારે બહુ ઓછું ધ્યાન અપાયું હતું અને તેની અને ગાંધી બાપુની ઈચ્છા અમદાવાદ સાબરમતી આશ્રમમાં બાપુની પાસે જવાની હોવા છતાં જામિયાના કુલપતિ ડૉ. અન્સારીની દેખરેખ હેઠળ સારુ થઈ જશે અને દિલ્હીથી બિમાર રસિકને છેક અમદાવાદ મોકલવો નથી એવા વિચાર સાથે અમદાવાદ તેમને મોકલ્યા ન હતા. પરંતુ દવા કે દુઆ કારગત ન નીવડ્યા ને તેમનું અવસાન થયું. દેવદાસભાઈ લખે છે, હરિલાલભાઈમાં અમારા ભાઈઓ સાથે લડવાની એક વૃત્તિ હતી પરંતુ આવા દુઃખદ પ્રસંગોએ હરગિજ નહીં. પુત્ર રસિકના અવસાન સમયે અમને કોઈને તો કશું જ તેમણે કહ્યું ન હતું, હા, પોતાની જાત પર અવશ્ય ધિક્કાર વરસાવ્યો. અમારા બધા સાથે ખૂબ જ નમ્ર વ્યવહાર કર્યો, ડૉકટર અને અન્ય મિત્રોએ જ સેવા સહકાર આપ્યો હતો. તેમનો આભાર વ્યક્ત કર્યો હતો અને ત્યાંથી વિદાય થઈ ગયા હતા.

બાપુની સામે હરિલાલનો વિરોધ ૧૯૧૦ સુધી વાર્તાલાપ - વાતચીત રૂપે ચાલ્યો હતો પણ ૧૯૧૦ પછી એ બાપુ પાસે કદી આવ્યા ન હતા. એક સમયે પિતાના દક્ષિણ આફ્રિકાની રંગભેદ વિરોધી ચળવળ સમયે તેઓ બાપુના સક્રિય કાર્યકરના રૂપે કાર્યરત હતા. હરિલાલે છ-છ મહિનાનો બર્બરતાપૂર્ણ કારાવાસ બે વખત ભોગવ્યો હતો. આવો પુત્ર જ પિતાની સામે રહ્યો હતો. તેમને વારંવાર દક્ષિણ આફ્રિકા આવવા માટે પણ બાપુ અને પરિજનો દ્વારા કહેવાયું હતું. જ્યારે દક્ષિણ આફ્રિકા છોડીને ભારત આવતા રહ્યા ત્યારે તેમણે પિતા ગાંધીજી સામે એક લાંબો વિસ્તૃત પત્ર પણ લખ્યો હતો. પરંતુ એ પત્ર છપાવવાની હિંમત તેમણે કરી ન હતી. હા, ઘણા બધાને એ પત્ર તેમણે મોકલ્યો હતો. એ પણનો સૂર એ હતો કે 'બાપુ, તેમણા સગાસંબંધીઓ અને મિત્રોના છોકરા-છોકરીઓના હિત માટે ખુદ પોતાના સંતાનોનું અહિત કરે છે, અવહેલના કરે છે. આ પત્રમાં ગાંધીજીની નિંદા સામે તેમને અન્ય કોઈએ ટેકો આપ્યો ન હતો. પરંતુ એમના

અનુસંધાન પાના નં. ૭ પર

# ઝવેરચંદ મેઘાણી કેન્દ્રને કાગ એવોર્ડ





**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર – રાજકોટની હવે ઓળખ આપવી પડે તેવી સ્થિતિ રહી નથી. આમ તો આ કેન્દ્રની સ્થાપનાને એક દસકો પણ પૂરો થયો નથી તો પણ વિપુલ પ્રવૃત્તિઓના માધ્યમથી કેન્દ્ર અનેક સ્થળોએ પહોંચી શક્યું છે. પોતાની પાંખો પ્રસારીને મેઘાણી કેન્દ્ર લોકસાહિત્યના સંવર્ધન માટે સતત પ્રયાસ કરતું રહે છે. જે કેન્દ્ર સાથે લોકોના હદયમાં બિરાજેલા સર્જક ઝવેરચંદ મેઘાણીનું નામ સંકળાયેલું હોય તેની પ્રતિષ્ઠા મેઘાણીના નામથી પણ વિશેષ પ્રસરી રહે છે. લોકસાહિત્યના સંપાદન – સંશોધન અને દસ્તાવેજીકરણમાં મેઘાણીભાઈની તોલે કોણ આવી શકે ? મેઘાણી જેવું ધૂળધોયાનું કામ કોણ કરી શકશે તેની ચિંતા કવિ પિંગળશીભાઈ લીલાએ પોતાની એક રચનામાં અર્થપૂર્ણ શબ્દોમાં કરી છે.

કોણ હવે કોદાળી લઈને
ધરણી પડ ઢંઢોળે
કોણ હવે સ્મશાન જગાડી
ખપી ગયાને ખોળે
કોણ હવે કહેવાનું
ગરવા ગૌરવની કહાણી,
અમર લોકથી આવ
અમારા શાયર મેઘાણી.

આથીજ ઝવેરચંદ મેઘાણીના નામ સાથે સંકળાયેલા મેઘાણી કેન્દ્રને ૨૦૧૮ના 'કાગ' એવોર્ડથી તા.૧૯ ફેબ્રુઆરીના રોજ નવાજવામાં આવ્યું ત્યારે સાહિત્ય સાથે સંકળાયેલા અસંખ્ય લોકોને અંતરના આનંદની લાગણી થઈ હશે. આ કેન્દ્રની સ્થાપના કરનાર ગુજરાત સરકાર તથા તેનું હેતુપૂર્ણ સંચાલન કરનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આપણાં સૌના અભિનંદનને પાત્ર બને છે. કાગ એવોર્ડની સ્થાપના કરીને છેલ્લા દોઢ દાયકાથી સાહિત્યની ઉપાસના કરનારા અનેક મહાનુભાવોનું સન્માન કરનારા પૂજ્ય મોરારીબાપુ આપણાં વંદનને પાત્ર છે. જોકે પ્રથમ વખત પોતાના કાર્યો થકી અધિકારી એવી એક સંસ્થાને કાગ એવોર્ડ આપવા પાછળ જે કોઈ માધ્યમથી વિદ્યાની ઉપાસના થતી હોય તેને પોંખવાનો આ ઉજળો પ્રયાસ છે.

એ હકીકત સુવિદિત છે કે સૌરાષ્ટ્ર એ સંતો – ભક્તો – કવિઓની ભૂમિ છે. અનેક નામી – અનામી કવિઓએ પોતાની ઊર્મિઓને શબ્દદેહ આપ્યો હોય પરંતુ અનેક કિસ્સાઓમાં તે લોકો સુધી પહોંચી શકતી નથી. આવી રચનાઓ ઉત્તમ હોય તો પણ હસ્તપ્રતોમાં પડી રહે છે. કાળક્રમે આવી હસ્તપ્રતો યોગ્ય સાચવણીના અભાવે નષ્ટપ્રાય થવા પામે છે. આવી સ્થિતિની ગંભીરતા સમજીને તેના ઉકેલ માટે પ્રયાસ કરનાર ઋષિ સ્વરૂપ શાક્ષર ડોલરરાય માંકડને યાદ કરવા પડે. માંકડ સાહેબ જેવા અધ્યાપક વાઈસ ચાન્સેલર બને ત્યારે યુનિવર્સિટીના ગૌરવને સુવર્ણ કળશ ચડે છે. ઉપકુલપતિ તરીકે ડોલરરાયે જોયું કે હસ્તપ્રતોમાં સંઘરાઈને પડેલો આ ખજાનો સાચવવાની કોઈ કાયમી વ્યવસ્થા ઊભી કરવામાં નહિ આવે તો એક ભવ્ય વિરાસતના અનેક અવશેષો નામશેષ તથા સ્મૃતિશેષ થઈ જશે. માંકડ સાહેબ એક સક્રિય કર્મયોગીને છાજે તે રીતે આવી હસ્તપ્રતોને એકઠી કરીને યુનિવર્સિટીમાં જાળવવાનું નક્કી કર્યું. હસ્તપ્રતો એકઠી કરવાનું કામ એ બીજો પડકાર હતો. માણસને પારખવાની માંકડ સાહેબની સૂઝના કારણે રતુભાઈ રોહડિયાની આ કામ માટે પસંદગી કરવામાં આવી. રતુભાઈને જોગમાયા તરફથી સાહિત્ય સૂઝના આશીર્વાદ તો હતાજ પરંતુ સાથે સાથે નિરંતર પ્રવાસ કરીને હસ્તપ્રતો એકઠી કરવાનું કાર્ય કરવાની જબરજસ્ત આંતરિક શક્તિ તેમનામાં હતી. માંકડ સાહેબ અને રતુભાઈની સક્રિયતા તેમજ મહદ અંશે ચારણો તથા ચારણેતર વર્ગોની અજોડ ઉદારતાના કારણે અનેક મોંઘામૂલી હસ્તપ્રતો યુનિવર્સિટીના કબજામાં આવી. જોકે માત્ર એક પટારામાંથી બીજા કબાટમાં હસ્તપ્રતનો સંગ્રહ થાય પરંતુ તેને સાહિત્ય મર્મી સમૂહ સુધી સરળતાથી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં ન આવે તો આ તમામ પ્રયાસોનો અર્થ સરે નહિ. આથી તાજેતરમાં લગભગ બે લાખ હસ્તપ્રતોના ડીજીટલાઈઝેશનનો એક સુઆયોજિત પ્રયાસ મેઘાણી કેન્દ્ર તરફથી થયો. કુલપતિ ડૉ. પ્રતાપસિંહ ચૌહાણે હસ્તપ્રતોના ડીજીટલાઈઝેશનની તમામ કામગીરીની જે વિગતો આપી છે તે જોતાં આ કાર્યને બીરદાવવાનું મન થાય તેવું છે. હસ્તપ્રતોનું વિશાળ વિષય વૈવિધ્ય જોતાં સાહિત્યના અને જ્ઞાનના અનેક પાસાઓનું આ આયોજિત તથા ટકાઉ કાર્ય થાય છે. યોગાનુયોગ હસ્તપ્રતોને ડીજીટલ દેહ આપવાના આ સમગ્ર પ્રકલ્પમાં કુંડળ (જિ. બોટાદ) સ્વામિનારાયણ મંદિરના આ વિષયના જાણકાર એવા સંતોની ખાસ મદદથી કામગીરીને જાણે પાંખો મળી છે તેવો સંતોષનો ભાવ કેન્દ્ર નિયામક ડૉ. અંબાદાનભાઈ રોહડિયાએ વાતવાતમાં સહજ રીતે વ્યકત કર્યો હતો.

કાગ એવોર્ડથી સન્માન તથા હસ્તપ્રતોને ટકાવી રાખવાની આ સ્થાયી વ્યવસ્થા જોઈને માંકડ સાહેબનો તથા રતુભાઈનો આત્મા જરૂર પ્રસન્નતા પામ્યો હશે. અનેક સર્જકોના ઉત્તરાધિકારીઓને પણ પોતાના વિદ્વાન પૂર્વજોને યાદ કરી તેમના માટે ગૌરવનો અનુભવ કરવાની આ ક્ષણ છે. ઝવેરચંદ મેઘાણી કેન્દ્ર ડીજીટલ સ્વરૂપમાં પરિવર્તીત થયેલી આ અમૂલ્ય હસ્તપ્રતો અને તેનો સાહિત્ય ખજાનો અનેક મર્મી તથા લોકસાહિત્ય – ચારણી સાહિત્યના ઉપાસકો સુધી સરળતાથી પહોંચી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા માંગે છે તે વધાવી લેવા જેવી બાબત છે. ઈન્ટરનેટના આ યુગમાં આવી ગોઠવણ શક્ય તથા સરળ છે. મેઘાણી કેન્દ્રની સ્થાપના પાછળના હેતુઓને અનુરૂપ હસ્તપ્રતોનો આ મહામૂલો વારસો અનેક વિદ્યાર્થીઓ - અધ્યાપકો તેમજ આ સાહિત્યના ઉપાસકો સુધી પહોંચતો થશે ત્યારે કેન્દ્રની સ્થાપનાના એક મહત્વના હેતુની પૂર્તિનો આનંદ થશે. અનેક નામી – અનામી સર્જકોની કૃતિઓનો ગુલાલ વહેંચવાનું આ કાર્ય મેઘાણી કેન્દ્રને કાગ એવોર્ડ જેવો અને જેટલોજ સંતોષ આપશે તે નિર્વિવાદ છે.

# મહેન્દ્ર દેસાઈના વ્યક્તિત્વનો પરિચય આપતા પુસ્તકનું લોકાર્પણ



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્ત સંચય

● ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટના ઉપક્રમે તા. ૧૭મી ફેબ્રુઆરી-૨૦૧૮ ના રોજ, અમેરિકાથી પ્રસિદ્ધ થતા 'ગુજરાત દર્પણ' સામયિકના સહયોગમાં, પત્રકારત્વ વિષયક - 'પત્રકારત્વની દશા અને દિશા' અન્વયેનું વકતવ્ય યોજાઈ ગયું, જેના વક્તા અજય ઉમટ હતા.

● જાણીતા પત્રકાર અને અગાઉ ગુજરાતી લોકપ્રિય સાપ્તાહિક 'ચિત્રલેખા'ના જેઓ ગુજરાતના બ્યૂરો ચીફ તેવા સ્વ. મહેન્દ્ર દેસાઈના વ્યક્તિત્વનો પરિચત આપતા પુસ્તક 'સ્વ સાથેનો સંઘર્ષ' નો વિમોચન અને લોકાર્પણ વિધિ, સી.સી. મહેતા સભાગૃહ વડોદરા ખાતે ત્રણ મહાનુભાવો જાણીતા પત્રકાર / તંત્રી પ્રકાશ ન શાહ; કર્મશીલ અને 'નયા માર્ગ' ના તંત્રી ઈન્દ્રકુમાર જાની અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના હસ્તે યોજી ગયો. આ પુસ્તક લોકાર્પણ સમારોહમાં પ્રમુખ વાર્તાકાર હિમાંશી શેલતે પ્રકાશ ન શાહનો પરિચય આપ્યો હતો. જ્યારે ઈન્દ્રકુમાર જાની અને શંકરસિંહ વાઘેલાનો પરિચય ડંકેશ ઓઝાએ કરાવ્યો હતો. આ પુસ્તક લોકાર્પણ વખતે ભરતભાઈ દેસાઈ, બિરેન કોઠારી અને સ્વ. મહેન્દ્ર દેસાઈનાં ધર્મપત્ની ભાનુબહેન ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. પુત્ર નિહાલે સર્વેને આવકાર આપી, પુત્રી નેહાએ આભારવચનથી ઋણભઆવ અંકે કર્યો હતો.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે અમદાવાદ શહેરના જન્મદિન નિમિત્તે 'અમદાવાદની અજાણી વાતો' વિષયેનું, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮ ના રોજ, હીરાલાલ ભગવતી સભાગૃહમાં વક્તા ડૉ. માણેકભાઈ પટેલનું વકતવ્ય યોજાઈ ગયું.

● અમદાવાદ બુક કલબ અને કર્મકાફે નવજીવનના સંયુક્ત ઉપક્રમે જાણીતા દલિત સાહિત્યકાર અને ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય પ્રવીણ ગઢવીનું 'દલિત સાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ' વિષયેનું એક વ્યાખ્યાન તા. ૨૪-૦૨-૨૦૧૮ના રોજ યોજાઈ ગયું. આ કાર્યક્રમમાં દલિત સાહિત્યકાર હરીશ મંગલમ્, સાહિત્યકાર સાહિલ પરમાર, રમણ વાઘેલા, અરવિંદ વેગડા તેમજ બુક કલબના કન્વીનર કુણાલ વોરા તથા નિકીતા શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ વ્યાખ્યાનના અંતે કવિ સંમેલન યોજાયું હતું. જેમાં પ્રવીણ ગઢવી, સાહિત્ય પરમાર, રમણ વાઘેલા વિગેરેએ સ્વકાવ્યોનું પઠન કર્યું હતું. સમારંભનું સંચાલન કુણાલ વોરાએ કર્યું હતું.

● માન. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ પદે અને તેઓના વરદ હસ્તે અને વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદીના પ્રેરક ઉપસ્થિતિમાં, તા. ૧૭-૩-૨૦૧૮ને શનિવારના રોજ બપોરના ૨.૦૦ વાગે, ડેસર, જી. વડોદરા ખાતે, ખેલ પ્રતિભા પુરસ્કાર અને ગૌરવ પુરસ્કાર સમારોહ યોજાશે. જેમાં માન. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને માન. રા. ક. મંત્રી ઈશ્વર પટેલ મુખ્ય મહેમાન તરીકે તથા અતિથિ વિશેષ તરીકે સં.સ શ્રીમતી રંજનબેન ભટ્ટ અને ધારાસભ્યો કેતનભાઈ ઈનામદાર, શ્રીમતી મનીષાબેન વકીલ, જીતેન્દ્રભાઈ સુખડિયા, શ્રીમતી સીમાબેન મોહિલે, યોગેશભાઈ પટેલ, મધુભાઈ શ્રીવાસ્તવ, શૈલેષભાઈ મહેતા, જયપાલસિંહ ઠાકોર અને અક્ષયકુમાર પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં (૧) 'મલયાનિલ' વાર્તા પારિતોષિક માટે ડૉ. મોહન પરમાર (૨) 'સુંદરમ્' કાવ્ય પારિતોષિક માટે રાજેન્દ્ર શુક્લ (૩) સુરેશ જોષી નિબંધ પારિતોષિક માટે મણિલાલ હ. પટેલ (૪) અસાઈત ઠાકર નાટ્ય પારિતોષિક માટે સૌમ્ય જોષી (૫) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી સમીક્ષા પારિતોષિક માટે સુમન શાહ (૬) ગોવર્ધનરામ નવલકથા પારિતોષિક માટે ધીરેન્દ્ર મહેતા અને (૭) ગિજુભાઈ બધેલા બાળસાહિત્ય પારિતોષિક માટે યશવંત બધેકા બાળસાહિત્ય પારિતોષિક માટે યશવંત મહેતાનું વિશિષ્ટ સન્માન કરવામાં આવશે.

● તા. ૫.૩.૧૮ના રોજ, હોટલ બિહાંગ થાને, મુંબઈ ખાતે યોજાયેલ એક સન્માન કાર્યક્રમમાં ભૂ.પૂ. મુખ્યમંત્રી મુરલી મનોહર જોષી તેમજ ભગવાન ચૈતન્ય, ઉજ્જૈનની ઉપસ્થિતિમાં ઑલ ઈન્ડિયા કાઉન્સિલના રાષ્ટ્રીય પ્રમુખ ગ્યાનેન્દ્ર વિશ્વકર્માજીના હસ્તે ગાંધીનગર સાહિત્યસભાના સભ્ય અને કવિ/લેખક/વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા ગુલાબચંદ પટેલને 'ઓલ ઈન્ડિયા કાઉન્સિલ - ૨૦૧૮' થી સન્માનવામાં આવ્યા. તેમને અભિનંદન.

● ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ અને સાહિત્યકાર બળંતભાઈ વી. પટેલનું તા. ૧૧-૩-૨૦૧૮ના રોજ ૮૬ વર્ષની વયે અવસાન થયેલ છે. સદ્ગત પુણ્યાત્માને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિસહ શ્રદ્ધાસુમન અર્પણ.

- muljibhaidadhi@gmail.com